જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૧/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૮૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૯ કેસ કરી, ૯૩ વ્યક્તિઓને ઝડપી, ૨૭૯ લીટર દેશી દારૂ, ૮૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૫૬ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ એક્ટીવા, ૦૧ રીક્ષા, ૦૧ લોડીંગ ટેમ્પો અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૦૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨૮૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૨૨૮૪/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** આસ્વીબહેન મૌલીનભાઇ શાહ (ઉ.વ.૩૦)(રહે. કૃષ્ણપાર્ક,યુ.કો. બેંક સામે, ખાનપુર) તા.૧૨/૧૧/૧૭ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સત્તાધાર ચાર રસ્તા નવરંગ ટાવર પાસે અંબુ કો.ઓ.બેંક ની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ આસ્વીબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આસ્વીબહેન શાહે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૨૮૫/૧૭**

**સરદારનગરઃ** મહિપાલસિહ મગનસિહ સોલંકી (રહે. શ્યામવિલા હરીદર્શન ચોકડી પાસે નવા નરોડા) તા.૧૧/૧૧/૧૭ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે કુબેરનગર છારાનગર રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ મહિપાલસિહને છરી બતાવી માર મારી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩૦૦૦/- અને ખીસામાંથી રોકડ રૂપિયા ૧૩,૦૦૦/- લુંટ કરી નાસી ગયો હતો આ અંગેની ફરીયાદ મહિપાલસિહ સોલંકીએ **સરદારનગર** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયેન્દ્રકુમાર ચંદ્રકાંતચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૬/૧૭**

**ઓઢવઃ** વિપુલભાઇ વ્રજલાલ પુજારા(રહે. અવની હોમ્સ શ્યામકુટીર પાછળ બાપા સીતારામ ચોક નવા નરોડા) એ તા.૧૧/૧૧/૧૭ રાતના ૧૦/૩૦ વાગે ઓઢવ માત્રુછાયા સ્કુલની પાસે પોપટલાલ એસ્ટેટ ખાતે શેડ નં ૧ ગજાનંદ કેમીકલ કારખાનાની ગલીમાં મહિન્દ્રા કંપનીની બોલેરો પીકઅપ ગાડી નંબર ૦૧ ડીએક્સ ૦૦૯૬ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૨/૧૧/૧૭ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ વિપુલભાઇ પુજારાએ **ઓઢવ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૭/૧૭**

**ઈસનપુરઃ** કલ્પેશભાઈ ગીરીશભાઈ મિસ્ત્રી (રહે. સહજાનંદ પાર્ક વૈભવલક્ષ્મી સામે નારોલ હાઈવે વટવા) એ **ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૧/૧૭ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે** કલ્પેશભાઈના માતા સુભદ્રાબહેન (ઉ.વ.૬૨) રહેણાંક નજીકથી **શટલ ઓટો** રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકની મદદગારીથી બે પુરૂષ અને એક સ્ત્રીએ સુભદ્રાબહેનની નજર ચુકવી ગળામાંથી સોનાની કંઠી પેડલ સાથે કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લઈ ઇસનપુર બ્રીજની પાસે નૈયા સરબતની દુકાન નજીક રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એસ.બી.નિનામા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૮/૧૭**

**ગોમતીપુરઃ** હિરેનકુમાર દશરથભાઇ મકવાણા (ઉ.વ.૨૧) (રહે.મગનકુભારની જુની ચાલી નગરીમીલ સામે ગોમતીપુર) એ કોઇ કારણસર તા.૧૨/૧૧/૧૭ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળવંતભાઇ પોપટભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.